





'બહાદુરી'નાં લીધાં કલંક કોઇના રવાડે છે,
હવે જોમભરી જિંદગી એ જેલમાં બગાડે છે,
લગાડે છે લાઇન કાળ-કોટડીમાં પૂરાવાની -
છતાંય 'પોલીસ' વફાદારીનાં વાજાં વગાડે છે.




જાણે મરમ,
છતાં પાડે ધરમ -
ખાખી નરમ?!
(પોલીસદળ જેલમાં)

કલંક છતાં -
- ચંદ્ર શોભાયમાન,
ચઢે આકાશે..
(અમિત શાહની ઉન્નતિ)

## ચિંતન

**કંધરાં સમપહાય કં ધરાં પ્રાપ્ય સંયતિ જહાસ કસ્યાચિત ।**
**માં કિલાનમયતઃ સ્વપૂર્યતે દુર્ભરાત્મિકમુદરાદ્વિયોગતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-'પેટ ભરવાના રોગ' માંથી લીધું છે.

'કોઇ પણ વીર પુરૂષનું મસ્તક યુદ્ધમાં ધડ પરથી કપાઇ અલગ પડ્યું છે ત્યારે એ પોતાના ધડ-પેટને જોઇ રસે છે અને બોલવા લાગ્યું કે 'જેને ભરવા માટે મને બીજા આગળ માન-અભિમાન-શરમ છોડીને નમવું પડ્યું અને વારંવાર અપમાનિત થવું પડ્યું - અને છતાંય એ ભેટ ભરાયું તો નહીં જ- તે એવા પેટથી (હાશ!) મારે હવે વિયોગ થયો છે.'

'પેટ ભરાયું એટલે પાટણ ભરાયું-ભૂખ ન જુએ ટાઢો ભાત' - ભૂખ્યા રસોયા પાસે અંદાજ ન કઢાવાય પહેલા એને જમાડી પછી જ જમણવાર માટે તેની પાસે અંદાજ લખાવો. ભૂખને કારણે માણસ શરમ-સંકોચ, માન-સન્માન ને પણ જોતો નથી. ભૂખને કારણે માની વ્યક્તિને કારણે 'યાચક' બની જવું પડે છે.

અહીં વીર પુરૂષને યુદ્ધમાં લડતાં લડતાં સન્માનીય મોત ને પામ્યો છે એનું ધડથી (પેટથી) માથું અલગ પડી ગયું છે એ માથું-પેટને જોઇ બોલ છે કે - 'હે પેટ તારે કારણે માટે કેટલીયવાર નકામા કંજૂસ અને ધનિકો પાસે 'નમવું' પડ્યું છે અને માન-સન્માન ગુમાવવા પડ્યાં છે આજે તારાથી અલગ પડી છું શાંતિ અનુભવું છું.'

## સુવિચાર

- ખરીદી શકાય તેવું સુખ ક્યાંક મળતું નથી, ને વેચી શકાય તેવું દુઃખ હોતું નથી
  **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારી મહાનતા, મહત્તાનો સ્વીકાર તમારા ઘરનાં સભ્યો કરે, એવી અપેક્ષા કરો તો દુઃખી થવાનું બીજું કારણ શોધવું નહીં પડે **- શાહબુદ્દીન રાઠોડ**
- દોસ્તી કારણથી પણ થતાં વાર લાગે છે.. અને દુશ્મની તો કારણ વગર પણ થઇ શકે છે
  **- રજનીશ**
- તમે જેની પાછળ પડ્યા છો એ હંમેશા તમારી આગળ જ રહેવાનો છે.. એટલું યાદ રાખજો
  **- તામિલ કહેવત**
- પરશુરામે કર્ણને આપેલો શાપ આજે પણ દરેક જણને મળેલો છે.. ખાસ કરીને ધનપતિઓને.. કે અંતિમ સમયે કોઇ જ વિદ્યા કામમાં આવતી નથી...પૈસો પણ નહીં.. મરવું જ પડે છે.
  **- ભાણદેવ**
- જો ઇશ્વર આપણે જીવનભર કોઇ જ દુઃખ ન આપે તો મનુષ્ય તરીકેની આપણી સહનશક્તિનું એ મોટું અપમાન છે **- ફાધર વાલેસ**
- નિર્ભય બનવું એટલે જીવનમાં ભયની ગેરહાજરી હોય એવું નહીં, ભયનો દૃઢતાપૂર્વક સામનો કરવાથી જ નિર્ભય થવાતું હોય છે, અને સામનો કોનો થઇ શકે? ..જેની હાજરી હોય તેનો જ
  **- જે.કૃષ્ણમૂર્તિ**

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણે ધાર્મિક શિસ્તમાં ખૂબ જ ચૂસ્ત હોઇએ છીએ. 'મંદિર'તો જવું જ કંઇ આફત આવે તો રાત્રે બાર વાગે મંદિરના દરવાજાના પણ દરશન કરવાં એટલે કરવાં અમૂક નિશ્ચિત માળા, ચોક્કસ શ્લોકોના પાઠ, અધ્યાય તો કરવા જ ન થાય તો ખૂદને સજા કરવી. આ 'ચૂસ્ત' નિયમો છે.

શાહ અબ્દુલ લતીફ (૧૬૮૯-૧૭૨૨) સિંધમાં થઇ ગયા. અભણ-હતા. પ્રેમભગ્ન થતાં ચાલી નીકળ્યા. 'મરમ' ની ખોજમાં. શિબિરો, ગુફા, નદી-સરોવરના કાંઠે આશ્રમો મસ્જિદો, યોગી-ફકીરોને મળ્યા. કોઇએ દોરા, કોઇએ વેશ ટોપી, ટીલા-ટપકાં, માળાઓ, અંગૂઠી આપ્યાં. કોઇએ નિશ્ચિત જાપ-ના મંત્રો આપ્યા.

બિચારો અબ્દુલ આ બધામાં ખૂબ અકળાઇ મુંઝાઇ ગયો હતો. એક નદી કાંઠે બેસી નિશ્ચિત સંખ્યાની માળાના જાપ કરવાની મથામણમાં, સ્નાન, કરી, માત્ર પોતળી પહેરી, જાપ કરતો માળાની સંખ્યા ગણવા પથ્થર લઇને બેઠો હતો.

ત્યાં સખીઓ પાણી ભરવા આવી. એકે બીજીને પુછ્યું તું તારા પ્રેમીને દિવસમાં કેટલી વખત મળવા જાય છે? પેલીએ કહ્યું, પ્રેમીને મળવું ને ગણવું શું?! અબ્દુલને જ્ઞાન થયું. બધા પહેરવેશ-નિશાનીઓ-માળા-ટોપી નદીમાં પધરાવી નીકળી પડ્યા. આગળ જતાં સિંધના હાફીઝ કહેવાયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# સમય વીતતો જાય છે તેમ તેમ વધુને વધુ સ્ત્રીઓ કમાણી કરતી જાય છે કયાંક તો અને કયારેક તો એવી સ્થિતિ સર્જાઇ રહી છે કે સ્ત્રી પુરૂષની પ્રણાલિકાગત ભૂમિકાઓ ઊલટપુલટ થવા લાગી છે એટલે કે સ્ત્રી ઓફિસે - કારખાને જઈને કમાણી કરે છે અને પુરૂષ ઘર ચલાવે છે!


## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

સ્ત્રીઓ પર, આપણા પર, આરોપ છે કે આપણે ખૂબ ગપસપ કરીએ છીએ, ઓટલા પરિષદ ભરીએ છીએ, ચાર ઓટલા ભેગા થાય તો કોઇનું ઘર ભાંગીએ છીએ. સ્ત્રીઓ પ્રત્યેના કેટલા બધા ડરમાંથી આ વિધાનો આવ્યા છે! વાસ્તવમાં, બે-ત્રણ ચાર પુરૂષોને પરિચય કરતા, સાથે બેસતા બેસુમાર સમય લાગી જાય છે, જયારે સ્ત્રીઓમાં પરસ્પર પરિચયની આવડત જન્મજાત હોય છે. બસમાં, બજારમાં, મેળામાં, સાહિત્ય સમારંભમાં, બધે જ સ્ત્રીઓ તરત એકબીજા સાથે પરિણામે વાતચીત તો થાય જ. એને ગપસપ કહો કે ઓટલા પરિષદ, સ્ત્રીઓ હંમેશા નિંદાની વાતો નથી કરતી. લગભગ તો કામની વાતો કરે છે.

ગુજરાતની એક જનસેવા સંસ્થા 'પાથેય સમાચાર' છે. આ સંસ્તા ગત ચાર વર્ષોથી રાજયના અંદાજપત્રનું આમ આદમીના દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરે છે. સાદી ભાષામાં અંદાજપત્રની સમજ આપતું સામયિક 'પાથેય સમાચાર' પણ પ્રગટ કરે છે. અંદાજપત્રની મોસમ ન હોય ત્યારે જનહિતની અન્ય કેટલીક વિગતો આપે છે. એમાં ગત ઓગષ્ટ-સપ્ટેમ્બરના અંકમાં એક રસપ્રદ વિગત છે, જે જણાવે છે કે ગુજરાતમાં ૬૦ થી ૮૫ વર્ષના વયજૂથમાં પુરૂષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ગણી વધુ છે. એટલે કે આપણા રાજયમાં દાદાજીઓ કરતાં દાદીમાઓની વસતી વિશેષ છે!

આનું કારણ શું? ગુજરાતમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ સરેરાશ વધુ લાંબું જીવે છે એનું કારણ શું? નાના વયજૂથમાં છોકરીઓ ઓછી અને છોકરા વધારે છે. એનો સ્પષ્ટ અર્થ એ છે કે દીકરીઓને જન્મતાં પહેલાં જ મારી નાખવામાં આવે છે. જી, હા તમે ગોલ્ડન ગુજરાત કહો કે વાઇબ્રન્ટ ગુજરાત કહો કે સંસ્કૃત ગુજરાત કહો કે શ્રીકૃષ્ણનું ગુજરાત કહો, અહીંનું ભૂમિગત સત્ય એ છે કે હજારો - લાખો દીકરીઓનાં ભ્રૂણાવસ્થામાં જ ખૂન થાય છે. એ પછી પણ, જન્મી ચૂકેલી દીકરી પ્રત્યે એટલી બધી ઉપેક્ષા સેવવામાં આવે છે કે એ કુપોષણથી કે રોગથી જલદી મરે છે.



પરંતુ ધન્ય છે સ્ત્રીને! ધન્ય છે નારીજાતિને! જો એને ભ્રૂણાવસ્થામાં કે બાલ્યાવસ્થામાં મારી નાખવામાં ન આવે તો એ દીર્ઘજીવી બને છે. ફરીવાર પુછી કે આના કારણ શા છે?

(૧) સ્ત્રી વધુ કામણગારી હોય છે એથી એનું શરીર સ્વાસ્થ્ય વધુ સારૂં રહે છે.

(૨) સ્ત્રીઓ ભાગ્યે જ કશી કુટેવો ધરાવે છે. તમાકું, દારૂ અને ચાનું સુદ્ધાં ઘણા ખરી બહેનો સેવન કરતી નથી.

(૩) સ્ત્રીઓમાં સહનશક્તિ પુરૂષો કરતાં ઘણી વધારે હોય છે. વિપરીત સંજોગો સામે પુરૂષો જલદી વિચલિત થઇ જાય છે કે ભાંગી પડે છે. સ્ત્રી અડીખમ રહે છે. તમને જાણીને કદાચ નવાઇ લાગશે, પરંતુ જીવનથી હારી જઇને આપઘાત કરવાનું પ્રમાણ પુરૂષોમાં વધારે છે!

(૪) સ્ત્રી પોતાની વિધવા અવસ્થાને વધુ સહેલાઇથી સહન કરી લે છે. પુરૂષો વિધુર બને, એટલે કે સ્ત્રીનો સાથ ગુમાવે પછી સાધારણ રીતે લાંબું જીવતા નથી.

સ્ત્રીનો આ મહિમા છે. સમાજ એનો સંપૂર્ણ સ્વીકાર કરે એની રાહ જોઇએ.

દેશમાં સૌથી વધુ લોકપ્રિય અને સૌથી વધુ ટકાઉ ગાયિકા લતા મંગેશકરની સાથે લાંબા સમય સુધી બેસીને નસરીન મુન્ની કબીર નામના બહેને અત્યાર સુધી અજાણી એવી લતાજીની ઘણીબધી વાતો મેળવી છે અને 'લતા મંગેશકર એમના પોતાના અવાજમાં' નામક અંગ્રેજી પુસ્તકમાં રજૂ કરી છે.

- લતાજી નાના હતા ત્યારે મોટા ટાયરમાં બેસી જતાં અને બીજા છોકરા એ ટાયરને રગડાવતાં!
- બેહદ તોફાન કરતાં
- જામફળ અને કેરીઓ પાડવા સડસડાટ ઝાડ પર ચડી જતા.
- ક્યારેક હાથમાં સોટી લઇને શેરીમાં જે દેખાય એને ફટકારતાં!
- પોતે નવની વયે સાંગલીમાં પ્રથમવાર જાહેરમાં ગાવાના હતા ત્યારે પિતાના ખોળામાં ઊંઘી ગયેલાં!
- એમના પિતાજીએ દેવાળું ફુક્યું અને માતા તથા ચાર નાના ભાંડુઓની જવાબદારી તરૂણી લતાએ ઉઠાવવાની આવી, પરિણામે એ ભણી ન શક્યા. રીતસરની શાળાએ કદી ન જઇ શક્યા.
- લતાજીએ યૌવનની શરૂઆતમાં મરાઠી ફિલ્મોમાં અભિનય કરેલો.
- પોતે ૧૮ વર્ષનાં થયા ત્યારે પોતાનો પ્રતમ રેડિયો ખરીદ્યો, પરંતુ તે બીજે જ દિવસે દુકાને પાછો આપ્યો, કારણ કે એ રેડિયો પર એમણે જે પ્રથમ શબ્દો સાંભળ્યા તે સમાચારના હતા અને સમાચાર વિખ્યાત ગાયક કુંદનલાલ સાયગલનાં અવસાનનાં હતા! જયારે સાયગલ જ ન રહ્યા ત્યારે રેડિયો પર સાંભળવાનું શું રહ્યું!
- ૧૯૬૨ ના ચીન સાથેનાં સંઘર્ષ પછી એક સભામાં એમણે વિખ્યાત 'એ મેરે વતન કે લોકો, જરા આંખો મેં ભરલો પાની' ગાયું. એ સાંભળીને ખુદ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની આંખો ભીંની થયેલી. એ પછી વડાપ્રધાને પોતાના તીન મૂર્તિવાળા નિવાસસ્થાને એમને જમવા નોતરેલા. એ વેળા નહેરુએ આ ગીન પુનઃ ગાવા વિનંતી કરી, પરંતુ લતાએ તે વિનંતી તરછોડી નાખેલી!

સમય વીતતો જાય છે તેમ તેમ વધુને વધુ સ્ત્રીઓ કમાણી કરતી જાય છે કયાંક તો અને ક્યારેક તો એવી સ્થિતિ સર્જાઇ રહી છે કે સ્ત્રી પુરૂષની પ્રણાલિકાગત ભૂમિકાઓ ઊલટપુલટ થવા લાગી છે એટલે કે સ્ત્રી ઓફિસે - કારખાને જઇને કમાણી કરે છે અને પુરૂષ ઘર ચલાવે છે! ૨૦૧૩ને અંતભાગે અમેરિકન નાણાવટમાં અનેક એવી સ્ત્રીઓ પ્રવેશવા લાગી છે, જેમના પતિ ઘરે રહીને ઘરનું, રસોઇનું, બાળકોનું કામ કરે છે! અમેરિકાની સૌથી મોટી નાણાવટ એટલે ન્યુયોર્કની વોલસ્ટ્રીટ! અહીં શેર-સટ્ટાનું, નાણાં આપવા-લેવાનું અને નાણાંની લૂંટફાટનું કામ ચાલે છે. રીતસરના રણક્ષેત્ર જેવા આ બજારમાં કામ કરતી આ વીરાંગનાઓ માટે ઘર પણ સંભાળવું અને બજારમાં ઝૂઝવું શક્ય ન બને. એટલે એમના પતિ દેવો ઘર સંભાળે છે.

નાણાંકીય બાબતોમાં પુરૂષો કરતાં સ્ત્રીઓની બુદ્ધિ કાંઇક વધારે ચાલતી લાગે છે. આપણા દેસમાં કાંઇ કેટલીય મોટી મોટી બેન્કો તથા નાણાંકીય સંસ્થાઓમાં સર્વોચ્ચ પદો પર હવે સ્ત્રીઓ આવવા લાગી છે. એમની યાદી લાંબી થતી જાય છે. નવેમ્બર ૨૦૧૩માં લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઉષા સાંગવાનને પોતાના વડા એટલે મેનેજીંગ ડિરેકટર બનાવ્યા તો પછી એલઆઇસી હાઉસિંગ ફાઇનાન્સના વડા વહીવટી અધિકારી તરીકે સુનિતા શર્માની નિયુક્તિ કરી છે આ રીતે, એલઆઇસીમાં ટોચનાં બે સ્થાનો પર બહેનો સ્થાન પામી છે.

# ગ્રામ્ય સમાજની લોકબોલી અને ઘટનાઓને વાર્તારૂપે ગુંથીને રચાયેલી વાર્તાસૃષ્ટિનું દર્શન

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

વાર્તા માનવીને ગળથૂથીમાં મળેલો સંસ્કાર છે. માણસને પામવાની ધખનામાં લેખક વાર્તા લખતા રહે છે એ આ વાર્તાના માધ્યમથી પંડને પામી રોમાંચ અનુભવે છે. કારણ કે જીવન એ લેખકને મન ઘટનાઓનો ઘટાટોપ છે. આ વાર્તાઓમાં ગામડું ધબકે છે કારણ કે ગામડું લેખકને હૃદયવગું છે. તેમ છતાં એ પન્નાલાલ કે પેટલીકર નથી. તેમની વાર્તાઓમાં તેમનું ભણતર અને ઘડતર ડોકાયા કરે છે અને તે સ્વાભાવિક પણ છે. હાં, મારે તમને વાત કરવી છે. ડો. કેશુભાઇ દેસાઇની ટૂંકી વાર્તાઓની પણ તે વિશાળ ફલક પર વિસ્તરેલી અને બહુસંખ્ય વાર્તાનાં ખજાનામાંથી વીણેલાં મોતી સમી તેમની વાર્તા સૃષ્ટિને આપણી સમક્ષ એક પુસ્તક રૂપે મુકી આપી છે તેના સંપાદક અને જાણીતા સાહિત્યકાર પ્રાગજીભાઇ ભામ્ભી એ. જમાં તેમનાં ચાર વાર્તા સંગ્રહોમાંથી કુલ તાણું વાર્તાઓમાંથી સંપાદકે વીસ વાર્તાઓ તારવી ને અહીં સંપાદનમાં ડો. કેશુભાઇ દેસાઇની વાર્તા સંપત્તિ શિર્ષકથી મુકી આપી છે. જે સંપાદકીય લેખ પણ આપણને મળે છે.




'ડો. કેશુભાઇ દેસાઇની વાર્તાસૃષ્ટિ' પુસ્તકમાંથી પસાર થતાં તેની પ્રથમ વાર્તા પ્રાતઃરૂદન જેમાં 'મામા, મામી અને બકો એ ત્રણએ જણના ત્રિકોણ વચ્ચે પુરાયેલો સમય' એ શબ્દોમાં વાર્તાનું હાર્દ પ્રગટે છે. તે પછી 'જાતર'માં લેખકે આરંભથી અંત સુધી ગતિવાન દૃશ્ય કંડાર્યું છે. વાર્તા નાયિકા મથુરાનું પાત્ર, મથુરાના દીકરા રૂપાજીના બટ મોગરા જેવા ભટૂરીયાની રામાપીરના પારે બાધા કરવા આખો ઓડ સમુહ ઉમટ્યો છે. 'મામેરું' વાર્તાનું શિર્ષક માર્મિક છે. ભાઇ બહેનને સમાજ-સમુહની સાક્ષીએ દ્રવ્યના રૂપમાં કંઇક આપે જેથી બહેનને આર્થિક ટેકો થાય. પણ અહીં ભાઇ બહેનનાં અર્થમાં બીજો અર્થ ભવે છે. યથોચિત વસ્તુ સંવિધાન દ્વારા લેખકે ચોટદાર આલેખન કર્યું છે જેમાં ગોપિત રીતે પશ્ચાતાપનો ભાવ પણ વ્યજિત થઇ રહે છે. 'ફુટેલું દર્પણ' વાર્તામાં પ્રથમ પુરૂષની કથન રીતી છે. 'આમ જિંદગી વેંઢારે છે તો પછી મામુલી કાચના દર્પણ પાછળ શું રડવા જેવી થઇ જાય છે' જેવી ઉક્તિ વાતને ચોખ્ખી કરી આપે છે. 'દિવાસો' યાને જુગાજીનું છત વગરનું ઘર વાર્તા વ્યંગ્યાત્મક રીતિએ લખાઇને જુગાજીને લેખકે સામંતી પતનશીલ વ્યવસ્થાના કરૂણ અવશેષ લેખે નિરૂપ્યા છે. તો 'પાણીપંથા પારખાં' વાર્તા માંડણી, વસ્તુસંકલન, કથન શૈલી, સંવાદો, વર્ણન બધી જ રીતે વાર્તામાં આવતા દીપસિંહની સ્વામી ભક્તિ અને બીજી બાજુ બાપુની વીર પુરૂષો તરીકેની ઉદારતા જોતાં વાર્તાનો ઉપાડ અને અંત લોકવાર્તા અને ટૂંકી વાર્તા બંનેને છાજે અને શોભે એવો છે. 'માઝમ રાત' ગ્રામ પરિવેશની યથાર્થવાદી વાર્તા છે. લેખકના કથનની ભાષા પણ વ્યવહારની, બોલચાલની ભાષાની એકદમ નજીક રહીને ચાલે છે. તેથી યથાર્થ ચિત્રણવાળી કલાત્મક વાર્તા બની છે. આ બધી વાર્તાઓ તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રાતઃરૂદન' માંથી લેવામાં આવી છે.

દ્વિતીય વાર્તાસંગ્રહ 'વનરાવન'માંથી પણ સંપાદકે જે વાર્તાઓ પસંદ કરી છે તે જોઇએ તો, 'ઝેમોર ભોકુ' ભવાઓ એ જાગડિયાઓનાં ડાકલાં 'રમણ્ય' વખતે વાગે તેમાં જે વાતાવરણ રચાય છે તેમાં ઝેમોરને 'ધૂણ્ય' ચડે છે અને તે ઝેમોરના ખોળામાં સુઇ જાય છે ત્યારે વૃદ્ધ નવઘણને માલજીને પરણેલી રૂપરૂપના અંબાર સમી દેવલ અંગે વિચારમાં જે આવે છે તે અલગ દૃશ્યોનું સુંદર ચિત્રણ વાર્તાને તેના લક્ષ્ય સુધી પહોંચાડે છે. 'કુરબાની' વાર્તાનો ઉપાડ નાટ્યાત્મક ક્ષણથી થયો છે. દીયર જિલુભાઇને ભાભી ચંદ્રિકા વેશ્યાના રૂપમાં શરીફા તરીકે મળે છે. છતાં ભાભી ચંદ્રિકાનું ચરિત્ર દિયર સમક્ષ એના મૂળ ખાનદાની સંસ્કાર સમેત પ્રત્યક્ષ થાય છે તો 'ગલુડિયું અને પાડો' વાર્તાનું શિર્ષક જ સૂચવી દે છે કે તેમાં વિનોદનું તત્ત્વ હશે, આ લેખકના રાજનીતિ અને જાહેર જીવનના અંચિત અનુભવોમાંથી નિપજેપી વાર્તા છે. વાર્તા પ્રસંગીયલંબી છે. માનવમનમાં ઊંડા વ્યાપારોનું અહીં આલેખન નથી પરંતુ પ્રસંગના વિનોદી રંગદર્શી માહોલમાં પ્રિતી અને વાત્સલ્યના રંગો ભળતાં તે પ્રભાવક બની છે.

તે પછી લેખકના ત્રીજા પુસ્તક 'ઝરમરતા ચહેરા' માંથી લેવામાં આવેલી વાર્તા 'દુકાળ' અંગે રઘુવીર ચૌધરીએ એક જ વાક્યમાં વાર્તાનો સાર વ્યક્ત કરી લીધો છે. 'દુકાળમાં ગરીબોની સહનશક્તિ અને સુખિયા લોકોની ઉદાસીનતા' લેખકે વર્ણવી છે. તો 'ખંધાડિયો' વાર્તામાં દક્ષિણ ગુજરાતનાં આદિવાસી વિસ્તારનું વાતાવરણ સચોટ બળુકા સંવાદો, જીવંત પાત્રો એ બોલીના જાદુથી આસ્વાદ્ય બની છે. 'ડલા' વાર્તામાં લેખકની ખુબી એ છે કે તેઓ માણસની પશુતામાંથી પણ ભલાઇ શોધી કાઢે છે. 'ઓર્થોડોક્સ' વાર્તામાં 'ડેવિડ કોપરફિલ્ડ' નામની અંગ્રેજી નવલકથાનો સંદર્ભ છે. દાદાની સ્મતિ અને સંવેદનાને ઉઘાડવા માટે તેનો કલાત્મક વિનિયોગ થયો છે. 'ઝરમરતા ચહેરા' વાર્ત આપણને ઊંડા કરૂણમાં અવગાહન કરાવે ચે. કથાનાયિકા બદલાઇ જાય છે. વાર્તાના કેન્દ્રમાં બહુને બદલે કથા નાયકની પત્ની આવી જાય છે. અહીં એક સંતાન વિહોણી સ્ત્રીના માતૃત્વની વેદના હૃદય વિદારક બની ઉઠી છે. વાર્તાની એક એક રેખા કરૂણની ઘેરાશને પ્રગટાવી રહે છે.

તો વળી લેખકના ચોથા વાર્તાસંગ્રહ 'ઉંદર ઘર' માંથી લેવામાં આવેલી વાર્તા 'સમર્પણ' માં લેખકે 'મોહનરામની સ્વામી ભક્તિ, તેમનું બાવજી ચતુરસિંહ પ્રત્યેનું સર્વ સમર્પણની વસ્તુનું નિતાંત હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.' 'ચિકિત્સા' વાર્તામાં વાત રણજીતસિંહની છે પણ વાર્તાના કેન્દમાં અલકા પંડિત આવી જાય છે. જે વીંટીમાં જડેલા હીરાની જેમ ઝળકી રહે છે. સંપાદકે વાર્તાના વિષય વસ્તુમાં સામ્યને કારણે 'મેવલિયો' અને 'દુઆ' વાર્તાઓ વિષે સરખામણી કરી છે. બંનેમાં નાયિકાનું નામ રેશમ છે. તો 'ઝોડ' વાર્તાનાં અગત્યના ચાર પાત્રો છે. સફાઇ કામદાર ભીખો, તેની પત્ની સોમા, ધણ માલીકણ અને ખુદ વાર્તા નાયક, વાર્તાની ભાષા વ્યવહારના સ્તરની અને એમાં વ્યંજકતાનું તત્ત્વ ઓછું હોવા છતાં જીવંત સંવાદોથી અને ચેષ્ટાઓથી રસપ્રદ બની રહે છે.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# આપણે મનગમતી કલ્પનાઓની દુનિયામાં જીવીએ છીએ, તે ભ્રામકતાની દુનિયા છે, જીવનનું મુખ્ય કાર્ય વાસ્તવિક પનારો પાડવામાં છે

## અક્ષયપાત્ર

### કલ્પના અને વાસ્તવિકતા

**- બકુલ દવે**

We live in a Fantacy world, a world of illision.
The important task in life is to find reality.

**- Irish Mardoch**

(આપણે મનગમતી કલ્પનાઓની દુનિયામાં જીવીએ છીએ. તે ભ્રામકતાની દુનિયા છે. જીવનનું મુખ્ય કાર્ય વાસ્તવિક પનારો પાડવામાં છે)

માણસ વાસ્તવિકત અને કાલ્પનિક એવી બે દુનિયામાં એક સાથે જીવતો હોય છે. ક્યારેક એવું બને છે કે સત્યનો સામનો કરવામાં મુશ્કેલી અનુભવતો માણસ મનગમતી કલ્પનામાં પલાયન થવાની વૃત્તિ કેળવે છે. આ પલાયનવૃત્તિ એને થોડો સમય માટે રાહત આપે, પણ એ કોઇ પણ સમસ્યાઓ કાયમી ઉકેલ બની શકતી નથી. કલ્પનાશીલ બનવું ખોટું નથી, પણ તે સત્યથી દૂર ઢસડી જાય - વાસ્તવિકતાથી દૂર ભાગવાની મનઃસ્થિતિ સર્જે તેવી કલ્પના કદીયે ઉપકારક નીવડી શકતી નથી.

જો કે વાસ્તવિકતાનો સામનો કરવાનું, એને સ્વીકારીને ચાલવાનું વલણ ઘણું ઓછું જોવા મળે છે. ધનાઢ્ય કુટુંબની ખૂબસૂરત છોકરીને કંગાળ સ્થિતિમાં રહેતા યુવક સાથે પ્રેમ થઇ જાય. છોરીનો પિતા યુવકને પાઠ ભણાવવા માટે હટ્ટાકટ્ટા શરીરવાળા ગુંડા મોકલે, પણ યુવક એકલા હાથે એમને હંફાવે તેવાં દૃશ્યો પછી ખાધું-પીધું ને રાજ કર્યું જેવી વાર્તાઓ રજૂ કરતી; વાસ્તવિકતાથી જોજનો દૂર હોય એવી ફિલ્મો જોવા માટે લોકોનાં ટોળાં એકઠાં થતાં હોય છે. એનાંથી ઉલ્ટું, કલાત્મક ફિલ્મ ક્યારેક આવી અને ચાલી ગઇ એની જાણ પણ નથી રહેતી. આ સ્થિતિમાં નિરાશાજનક છે. ટેલિવિઝનમાં સાસુ - વહુની કે બીજી એ જ પ્રકારની સિરિયલોમાં એક જ કુટુંબની સ્ત્રીઓ મોંઘીદાટ સાડીઓ પહેરી, શરીરને આભૂષણોથી લાદી ખાસ કશા કારણ વગર પરસ્પર વેર લેવાનાં કાવતરાં કરતી હોય એવા કાલ્પનિક પ્રસંગોથી જીવનનું કોઇ સત્ય પ્રગટી શકતું નથી. શું આપણા દેશની સ્ત્રીઓની છબિ આ છે?

આવી સિરિયલો રૂગ્મણ માનસિકતા પ્રગટ કરે છે. જે ભયભીત હોય છે તેને જ વાસ્તવિકતાથી દૂર ભાગવા માટે નશો કરવો પડે છે. વેરવૃત્તિને પોષતી, તાલમેલિયા પ્રસંગોને થીંગડાં મારી, તાણીતૂસી લંબાવાતી અને આપણું દર્શન - સભ્યતા કે સંસ્કૃતિના જેમાં લગીરેય અંશ નથી તેવી સિરિયલો જોનારા પણ કરુણા ઉપજે. આવી સિરિયલો બનાવનારા નશીલી ચીજો વેચતા લોકોથી સહેજ પણ ઓછા દોષિત નથી. નશો કરનારાને નશો ટકાવી રાખવા માટે વારંવાર સત્ય સામે ન આવે તે માથે મથામણ કરવી પડે છે. ફેન્ટસી એને થોડી વાર રાહત આપે છે, પણ સતત આમ ચાલતું રહે તો ધીમે ધીમે એની જીવંતતા (Liveliness) ખતમ થતી જાય છે. એ અંદરથી ખોખલો થતો જાય છે. વાસ્તવિકતા પથરાળ હોય છે. હવામાં ઉડનાર ક્યારેક પડે જ છે, ને પડે છે ત્યારે એનો માર અસહ્ય હોય છે.

જીવન અને મરીચિકાઓ - ભ્રામકતાઓથી ઘેરાયેલું હોય છે. તે ભ્રામકતાઓ રાહત આપનારી પણ હોઇ શકે. પણ મૃગજળને પાણી સમજી તેની પાછળ દોડાય નહીં. તે કરતા તરસ સહન કરવાની તાકાત કેળવી પાણીના સ્ત્રોતની શોધ કરવામાં ડહાપણ નથી હોતું, પણ વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની ભૂમિકા કેળવાતી જાય છે, ત્યારે અચાનક જ કોઇ પુસ્તક, કોઇની સાથે પસાર કરેલી થોડીક આત્મીયતા ક્ષણો, નાનકડો પ્રવાસ અથવા સ્વયંના સાંનિધ્યમાં પસાર કરેલો નાનકડો સમયનો ટુકડો તેજલિસોટો કરી જતો હોય છે ને સત્યનું દર્શન કરાવી જાય છે.